**ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ**

(ગુજરાત સરકારનું સાહસ)

અધિક્ષક ઇજનેરશ્રી (મ.ગુ) ની કચેરી,

પાંચબત્તી, જી.આઇ.ડી.સી., ભરૂચ.

ફોન નંબર (૦૨૬૪૨)૨૪૨૪૪૨

**જાહેર નિવિદા નં.૦૯/૨૦૨૦-૨૧**

અધિક્ષક ઇજનેરશ્રી(મ.ગુ), જી.આઇ.ડી.સી., ભરૂચનાં તાબા હેઠળ આવેલ કાર્યપાલક ઇજનેરશ્રી, જીઆઇડીસી, વડોદરા (મો.૯૯૦૯૯૪૮૯૦૨) ઓફિસ ફોન નં.:૦૨૬૫-૨૩૬૩૮૪૦, ૨૩૬૩૮૨૫ હસ્તકના અ.નં.૦૧ અને ૦૩નાં કામની અંદાજીત કિંમત **રૂા.૯,૨૩,૬૬૮.૦૦ થી રૂા.૧૦,૧૮,૩૭,૧૦૨.૨૬** ની વચ્ચે છે. તે કામો માટે ટેન્ડરો ઓનલાઇન પધ્ધતિથી મંગાવવામાં આવે છે.

ઓનલાઇન ટેન્ડર માટે ટેન્ડર ભરવાની કાર્ય પધ્ધતિ, સંબંધિત વિગતો જેવી કે ટેન્ડર ફી, EMD વગેરેની માહિતી વિગતવાર ટેન્ડર નોટીસમાં આપવામાં આવેલ છે. જે રસ ધરાવતાં ઇજારદારોએ વંચાણે લેવા વિનંતી છે. જે એક ટેન્ડર એગ્રીમેન્ટનો ભાગ છે.

આ કામોની વિગતવાર જાહેર નિવિદા ઓફિસનાં નોટીસ બોર્ડ ઉપર, જી.આઇ.ડી.સી.ની વેબસાઇટ www.gidc.gov.in તેમજ માહિતી ખાતાની www.statetenders.comમાં જોઇ શકાશે. વધુ માહિતીની જરૂરિયાત હોય તો, જે તે સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરીએથી કામકાજનાં સમય દરમિયાન મેળવી શકાશે. અનુક્રમ નં.૦૧ અને ૦૩નાં કામનાં દસ્તાવેજી પુરાવાનાં કવર ઉપર કામનું નામ, ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ તેમજ ટેન્ડરો ખોલવાની તારીખ અવશ્ય લખવાની રહેશે.વેક્સ અથવા ટેપથી સીલ કર્યા વગરનાં કવરો સ્વીકારવામાં આવશે નહિ. બાના મુક્તિ પ્રમાણપત્ર ગ્રાહ્ય/સ્વીકાર્ય નથી જેની નોંધ લેવી. નિવિદામાં જણાવેલ કોઇ પણ અથવા બધા ટેન્ડરો કારણ જણાવ્યા વગર સ્વીકારવા, ન સ્વીકારવા, રદ કરવા એ નિગમનો અબાધિત અધિકાર છે. જે તમામને બંધનકર્તા રહેશે. અધિકૃત વેબ-સાઇટ પર ટેન્ડરને લગતા તમામ સુધારા / વધારા ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ સુધી જોઇ શકાશે.

**સહી/-**

**અધિક્ષક ઇજનેર (મ.ગુ)**

**ગુ.ઔ.વિ.નિ., ભરૂચ.**